Suryakal

Global standard warning label will boost India's packaged food export

# વૈશ્વિક સ્તરનું વોર્મિંગ લેબલ ભારતના પેકેજડ ફૂડ નિકાસને વેગ આપશે

મુંબઈ, શનિવાર

અદ્યતન પ્રોસેસ કરેલા ફૂડ્ઝના સેવન સાથે પેકેજડ ફૂડ્ઝ અસાધારણ રીતે વધી રહ્યા છે, જેમાં ભારત વિજ્ઞાન આધારિત ફ્રંટ ઓફ પેક લેબલીંગ (FOPL)ના સ્વીકાર્યતાને પ્રાધાન્ય આપી રહ્યા છે. એક પ્રસંગે અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિ અને ફૂડ ઉત્પાદકોએ જણાવ્યું હતુ કે ગ્લોબલ બેસ્ટ પ્રેક્ટિસ FOPL, ખાસ કરીને વૈશ્વિક માર્કેટમાં MSME એકમો દ્વારા ઉત્પાદિત હોય તેવા પેકેજડ્ ફૂડ પ્રોડક્ટ્સની નિકાસ વધારવા માટે મોટુ પ્રોત્સાહક બની રહેશે.

અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ અને બેવરેજીસ - અદ્યતન રીતે-પ્રોસેસ કરેલા હોવા ઉપરાંત ઉમેરવામાં આવેલી ખાંડ, મીઠું અને ઉમેરણોની વધુ માત્રા ધરાવતી વસ્તુઓ માટે ભારત સૌથી વધુ વૃદ્ધિ દર ધરાવે છે. યુરોમોનિટરના ૨૦૦૬-૨૦૧૯ના વેચાણના આંકડા અનુસાર, ભારતમાં પેકેજડ જંક ફૂડ અને સોફ્ટ ડ્રિંક્સનું છૂટક મૂલ્ય માત્ર ૧૩ વર્ષમાં ૪૨ ગણું વધ્યું છે. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ, જેને ભારત સરકાર રોજગાર સર્જન માટેના મુખ્ય ક્ષેત્ર તરીકે જુએ છે, તે હાલમાં ઈ૨૦૦ બિલિયનનું મૂલ્ય ધરાવે છે અને તે વધીને ઈ૫૦૦ બિલિયન થવાની ધારણા છે. ભારતીય ખાદ્ય બજારનો ૩૨% 'પ્રોસેસિંગ ઉદ્યોગ' દ્વારા આવરી લેવામાં આવ્યો છે. MSME ક્ષેત્રનું વિશાળ ઉત્પાદન સ્વાદિષ્ટ અને અત્યંત લોકપ્રિય દેશી નાસ્તા અને કન્ફેક્શનરીઝ, આ અસાધારણ વૃદ્ધિના મુખ્ય પ્રેરક છે. આ સંભવિતતાને ઓળખીને સરકાર પ્રોસેસિંગ ઉદ્યોગ માટે ફૂડ પાર્કને પ્રોત્સાહિત કરી રહી છે અને પ્રોસેસ્ડ ફૂડ્સની નિકાસને વધારવા પર પણ નજર રાખે છે. ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ (PLISFPI) માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમમાં રૂ. ૧૯૦૯૯ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, તે ભારતમાં વૈશ્વિક સ્ટાન્ડર્ડ ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપનીઓને પ્રોત્સાહિત કરે છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસ માટે ભારતીય ફૂડ બ્રાન્ડ્સને સમર્થન આપે છે.

વૈશ્વિક શ્રેષ્ઠ પ્રેક્ટિસ FOPL જેવા પગલાંને સ્વીકારવાની જરૂરિયાતને સંપૂર્ણ રીતે સ્વીકારતા, જે વૈશ્વિક બજારમાં ભારતીય ખોરાકને ખોરાકની સમાન બનાવશે એમ કહેતા એસોચેમ, ઉત્તર પ્રદેશના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી મનીષ અગ્રવાલએ જણાવ્યું હતું કે, "ભારતીય ખાદ્ય MSME માટે એક મોટું લક્ષ્ય છે. વૈશ્વિક નિકાસને અનુરૂપ પરંપરાગત ખાદ્યપદાર્થોની તંદુરસ્ત આવૃત્તિઓ સ્વીકારવી એ નિકાસ માટે મોટું પ્રોત્સાહન બની શકે છે. ફૂડ લેબલીંગ માટે વૈશ્વિક ધોરણો અને મીઠું ખાંડ અને ચરબી માટેની મર્યાદા સાથે સંરેખિત કરીને આ વિશાળ સંભવિતતાનો ઉપયોગ કરીને ભારતને ઘણો ફાયદો થઈ શકે છે - ભારતીય પરંપરાગત નાસ્તા માટે એક વિશાળ બજાર ખુલશે.